ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ





## સોનગઢના ઓટા ચાર રસ્તા પાસે હાઈવેના પુલના સ્લેબનો ટુકડો તૂટ્યો

**અતિ** વ્યસ્ત માર્ગ પર સિમેન્ટનો ટુકડો પડતાં ફફડાટ

સોનગઢ: સોનગઢના ઓટા ચાર રસ્તા પાસેથી પસાર થતા સુરત-ધુલિયા નેશનલ હાઈવે પુલનો સ્લેબનો ટુકડો બપોરના સમયે અચાનક નીચે તૂટી પડ્યો હતો. સદનસીબે ઘટના સમયે ત્યાંથી પસાર થતા એક રાહદારીનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ સર્જાઈ નહોતી. જો કે, સિમેન્ટનો મોટો ટુકડો ધડાકાભેર નીચે પડતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઓટા પુલ નીચેનો માર્ગ સોનગઢનો અત્યંત વ્યસ્ત માર્ગ ગણાય છે. અહીંથી દરરોજ ભારે વાહનો, નાનાં વાહનો તેમજ પગપાળા લોકોની સતત અવરજવર રહે છે. આ માર્ગ કોલેજ, શાળા, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, કોર્ટ સહિતની વિવિધ સરકારી કચેરીઓને જોડતો મુખ્ય માર્ગ છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પુલ ધરાશાયી થવાની ઘટનાઓ બની રહી છે, ત્યારે સોનગઢની આ ઘટનાએ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે. સ્થાનિકોએ સંબંધિત વિભાગને તાત્કાલિક પુલનું નિરીક્ષણ હાથ ધરવાની માંગ કરી છે. જેથી કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

# ડાંગરનું રેકોર્ડ બ્રેક ઉત્પાદન

**અંકલેશ્વર**-હાંસોટમાં વર્ષો કરતાં ઊંચો ભાવ મળતાં ધરતીપુત્રો ખુશખુશાલ

**સિઝનમાં** 20 ગુંઠાએ સરેરાશ 60થી 70 મણ ઉતારો




અંકલેશ્વર: અંકલેશ્વર-હાંસોટ પંથકમાં આ વર્ષે ઉનાળુ સિઝનમાં ડાંગરનું વિક્રમ સર્જક ઉત્પાદન ઉપરાંત ગત વર્ષો કરતાં ઊંચો ભાવ મળતાં ધરતીપુત્રો ખુશ ખુશાલ જોવા મળ્યા હતા.

અંકલેશ્વર-હાંસોટ પંથકમાં શેરડી-કપાસ બાદ ડાંગરની ખેતી સવિશેષ થાય છે. સ્થાનિક પંથકના ખેડૂતો વર્ષમાં બે વાર ઉનાળા તેમજ ચોમાસા દરમિયાન ડાંગરના બે પાક લેતા આવ્યા છે. પાછલા વર્ષની સરખામણીમાં આ ઉનાળુ સિઝનમાં બંને તાલુકામાં ડાંગરનું મોટા પ્રમાણમાં વાવેતર થયું હતું. એક અંદાજ મુજબ આ ઉનાળુ સિઝનમાં 7 હજાર એકરથી વધુ ખેતરોમાં ડાંગરની ખેતી થઈ હતી. અંકલેશ્વર ઉપરાંત હાંસોટના છેવાડા સુધી ઠેક કંટિયાજાળ જેવા દરિયાઈ વિસ્તારમાં પણ ખેડૂતોએ ડાંગરનું વાવેતર કર્યું હતું. આકાશી રોજી ઉપર જીવતા ખેડૂતોને આ સિઝનમાં કુદરતે પણ યારી આપતાં વિક્રમસર્જક ડાંગરનું ઉત્પાદન થયું હતું. તો ગત વર્ષે ડાંગરનો જે પાક લેવાયો હતો તેના ભાવ કરતાં આ વર્ષે ડાંગરનો સવિશેષ વધુ ભાવ રૂ.475 પ્રતિ મણ મળતાં સ્થાનિક ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા.

120 દિવસની ખેતી એવી ડાંગરની ખેતીમાં પાણી એ મુખ્ય ઘટક બની રહે છે. વર્ષમાં બે પાક લઈ શકાય છે. આ સિઝનમાં નહેર વિભાગે પણ પૂરતુ પાણી છોડતાં ખેડૂતોએ રાહત અનુભવી હતી. આ સિઝનમાં ડાંગરના પાકના જે ઊંચા ભાવો મળ્યા તે જોતાં આગામી સમયમાં અંકલેશ્વર-હાંસોટના ખેડૂતો ડાંગરની ખેતી તરફ વળશે તેવી સંભાવના વધશે તેવો આશાવાદ જાણકારોએ વ્યક્ત કર્યો હતો. તેઓના મતે આ સિઝનમાં 20 ગુંઠાએ સરેરાશ 60થી 70 મણ ડાંગરનું ઉત્પાદન મળ્યું હતું. જે ખેડૂતો માટે પ્રોત્સાહક પરિબળ બની રહેશે. આ વર્ષે ઉનાળુ સિઝનમાં ડાંગરનું વિક્રમસર્જક ઉત્પાદન ઉપરાંત ગત વર્ષો કરતાં ઊંચો ભાવ મળતાં ધરતીપુત્રો ખુશખુશાલ જોવા મળ્યા હતા.

## બારડોલીમાં કોઈ કોન્ટ્રાક્ટર કામ કરવા તૈયાર નથી!

**તાલુકા** પંચાયતના મદદનીશ ઇજનેર મનસ્વી રીતે કામગીરી કરતાં હોવાની રાવ

બારડોલી : બારડોલી તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઈજનેર મનસ્વી રીતે કામગીરી કરતાં હોવાની ફરિયાદ જિલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવી છે. વિકાસના કામોના પૂર્ણતાનું સર્ટિફિકેટ કચેરીમાં બેઠા બેઠા જ આપતા હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર ઉછરેલ-મોરી ગામના ઉપસરપંચ બળદેવભાઈ હરીભાઈ માહ્યાવંશી દ્વારા આપવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, બારડોલીમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા મહેન્દ્રસિંહ વસાવા દ્વારા વધારે પડતું મનસ્વી વર્તન કરવામાં આવે છે. જેને કારણે બારડોલી તાલુકાનાં તમામ સરપંચો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પંચાયતો એસ્ટિમેટ મુજબ જ કામ કરે છે છતાં કોઈ અગમ્ય કારણોસર આ અધિકારી મનફાવે તેમ બિલ બનાવી વિના કારણે નાણાં કાપી સરપંચો અને કોન્ટ્રાક્ટરોને હેરાન કરી રહ્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. જેથી તાલુકામાં કોઈ કોન્ટ્રાક્ટર કામ કરવા તૈયાર નહીં હોવાથી વિકાસના કામો બંધ થઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે. તાલુકા વિકાસ અધિકારી દ્વારા કામ પૂર્ણ કરવા દબાણ કરવામાં આવે છે અને અધિકારીને કારણે વિકાસના કામો કરવા તૈયાર નથી. અધિકારી પૂર્ણતાનું સર્ટિફિકેટ પણ કચેરીમાં બેઠા બેઠા જ આપે છે. જેથી તેમની પ્રવાસ ડાયરીની પણ તપાસ કરવાની માગ કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારીને તેમણે આવા અધિકારી સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માગ કરી છે. જો તેમ ન થાય તો તાલુકાના સરપંચો સામૂહિક રીતે રજૂઆતો કરશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આ અંગે મહેન્દ્રસિંહ વસાવા સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યુ હતું કે, અમે તમામ જગ્યાએ સ્થળ પર વિઝિટ લઈને જ સર્ટિફિકેટ આપીએ છે. નિયમ મુજબ જ કામગીરી કરવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી ITIમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

બારડોલી : બારડોલીની ઔદ્યોગિક તાલીમ સંસ્થા(ITI) ખાતે વર્ષ ૨૦૨૬ના શૈક્ષણિક સત્રમાં ઇલેક્ટ્રિશિયન, ફિટર, મિકેનિક મોટર વ્હીકલ, વાયરમેન, ટર્નર, ઇલેક્ટ્રોનિક્સ મિકેનિક જેવા બે વર્ષના વ્યવસાયિક કોર્સ તેમજ મિકેનિક ડીઝલ, કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (COPA), વેલ્ડર, કોસ્મેટોલોજી તેમજ આર્મેચર મોટર રિવાઈન્ડિંગ જેવા એક વર્ષના વિવિધ ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ છે. આ વ્યાવસાયિક સત્રમાં મહિલાઓને રૂ.૧૫,૦૦૦ સુધીનું સ્ટાઈપેન્ડ, ફ્રી બસ પાસ, ફ્રી યુનિફોર્મ મળવાપાત્ર રહેશે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ધો.૮ પાસથી વધુ ધો.૧૦ પાસ સુધીના ઉમેદવારો સંસ્થા ખાતેથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. વધુ માહિતી માટે ગોચર ફળિયું, તેન ગામ, બારડોલી ITIનો સંપર્ક સાધવા બારડોલી ITIના આચાર્ય કે.એ.પટેલની યાદીમાં જણાવાયું છે.

### અંકલેશ્વર જીઆઈડીસીની કંપનીમાં સીડી પરથી પડતાં કામદારનું મોત



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીની સિગ્મા રોટલાઇનિંગ કંપનીમાં હાઇડ્રોલિક કેબલ રિપેરિંગ દરમિયાન સીડી પરથી નીચે પટકાતા ૩૬ વર્ષીય કામદાર દિનેશ પ્રજાપતિનું મોત નીપજ્યું છે. ગંભીર ઇજા થતાં સહકર્મચારીઓએ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ ગડખોલના જનતા નગરમાં રહેતા શ્રમિકના મોત અંગે જીઆઇડીસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### માંડવી રેફરલ હોસ્પિટલના સરકારી ક્વાર્ટર્સમાં તસ્કરોનો આતંક




માંડવી: માંડવી સ્થિત રેફરલ હોસ્પિટલના સરકારી ક્વાર્ટર્સમાં તસ્કરોએ એક જ રાતમાં પાંચ બંધ મકાનોને નિશાન બનાવી તરખાટ મચાવતાં હોસ્પિટલ સ્ટાફમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. ક્વાર્ટર્સમાં લાંબા સમયથી લાઈટ સહિતની પાયાની સુવિધાઓનો ઘોર અભાવ હોવાનો સીધો ફાયદો ઉઠાવી તસ્કરોએ અંધારાના ઓથારે આ ચોરીને અંજામ આપ્યો હતો. ચોરીની પ્રથમ ઘટનામાં તસ્કરોએ એક બંધ મકાનનું તાળું તોડી રોકડ અને કીમતી ચીજવસ્તુઓ મળી રૂ.40 હજારની મત્તા ચોરી લીધી હતી, જ્યારે બીજા ઘરમાંથી રૂ. 25 હજારની ચોરી થઈ હતી. અન્ય ત્રણ બંધ ઘર પણ ફંફોસ્યા હતા, જ્યાંથી ચાંદીના સિક્કા અને સામાન મળી આશરે રૂ.30 હજારની ચોરી થઈ હતી.

### ઓલપાડમાંથી બાઇક ચોરી કરનારો ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્ક્વોડે ઓલપાડ ખાતેથી કિંમતી મોટરસાઇકલની ચોરી કરનાર એક આરોપીને ચોરીના વાહન સાથે ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસ ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીની નંબર વગરની યામાહા R15-S મોટરસાઇકલ સાથે માંકણા ગામે આવ્યો છે અને માંકણા નહેરના રસ્તે સુરત તરફ જવાનો છે. પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ ઇસમને કોર્ડન કરી પકડી પાડ્યો હતો. તપાસ કરતા પકડાયેલા શખ્સનું નામ રાહુલસિંહ રોડસિંહ રાવત (ઉં.વ.૨૦) (રહે.,અડાજણ, સુરત, મૂળ રાજસ્થાન) હોવાનું જાણવા મળ્યું હતું. કડકાઇથી પૂછપરછ કરતાં તેણે આ બાઇક ઓલપાડમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી ૧,૦૦,૦૦૦ની બાઇક, ૫,૦૦૦નો મોબાઇલ અને ૨૧૦ રોકડા મળી કુલ ૧,૦૫,૨૧૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### પલસાણામાં બંધ બંગલાની બારીની ગ્રીલનું તાળું તોડી 18,000ની ચોરી

પલસાણા: પલસાણામાં બંધ બંગલાને નિશાન બનાવી તસ્કરો 18,000ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. કીમ્બલી અવધ સોસાયટીમાં આવેલા બંગલા નં.112ના માલિક બહારગામ હોવાથી, બંગલાની દેખરેખ રાખતા મેનેજર વિજયભાઈ કોરાટે આ અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગત તા.13/4/2026થી તા.17/4/2026 દરમિયાન અજાણ્યા ચોરે બંગલાની પાછળની બારીની લોખંડની ગ્રીલનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. બાદ સામાન વેરવિખેર કરી નાંખ્યો હતો અને હોલમાંથી 8,000ની કિંમતનું સેમસંગ કંપનીનું 43 ઈંચનું ટીવી, બાથરૂમમાંથી 5,000ની કિંમતના જેગુઆર કંપનીના 5 નંગ નળ, 2,000ના જેબીએલ સ્પીકર અને 3,000ની કિંમતના 3 નંગ ગાદલાં સહિત કુલ 18,000ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ ઘટના અંગે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર નીરંજનાબેન એન. ગામીતને સોંપી છે.

## ગણેશ સુગરનો 5 લાખ ટન શેરડી પિલાણનો લક્ષ્યાંક

**ખેડૂતોને** 75 રૂપિયા પ્રમાણે કાપણીના બાકી પૈસા 6% વ્યાજ સહિત ચૂકવાશે




ભરૂચ: વાલિયા તાલુકાના ખેડૂતોની આર્થિક જીવાદોરી સમાન ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડની બુધવારે ખેડૂત પ્રતિનિધિ સભા યોજાઈ હતી. અંકલેશ્વર, વાલિયા, માંગરોળ, ભરૂચ, ઝઘડિયા, નેત્રંગ, હાંસોટ તેમજ નર્મદા જિલ્લાના ખેડૂતો આ સંસ્થામાં પોતાની શેરડીનું વાવેતર કરે છે.

છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોને સુગર મિલને લઈને વિવિધ પ્રશ્નો મૂંઝવી રહ્યા હતા. ગત વર્ષે માત્ર બે લાખ ટન શેરડીનું પિલાણ થયું હતું, જે લક્ષ્યાંક કરતાં ઓછું રહ્યું હતું. કેટલાક લોકોએ મિલ બંધ થઈ જવાની અફવા ફેલાવી હતી, પરંતુ હવે ખેડૂતો અને સભાસદોએ સંસ્થાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળતા મેળવી છે. સભામાં જણાવાયું કે, આવનારા સમયમાં વિવિધ ઝોનમાં ખેડૂતોને સમજાવવાના પ્રયત્નો કરવામાં આવશે. ખેડૂતોને 75 રૂપિયા પ્રમાણે કાપણીના બાકી પૈસા 6% વ્યાજ સહિત ચૂકવવામાં આવશે. સાથે જ ઘરે-ઘરે જઈને ખેડૂતોને સમજાવવામાં આવશે, જેથી આ વર્ષે પાંચ લાખ ટન શેરડીનું પિલાણ કરી શકાય.

સંસ્થાના સભ્યોની સંખ્યા વારસાઈથી વધીને હાલમાં 19,000 ઉપરાંત પહોંચી ગઈ છે. સભામાં વટારિયા સુગરના ચેરમેન મહેન્દ્રસિંહ મહિડા, વાઇસ ચેરમેન યોગેન્દ્રસિંહ મહિડા, ડિરેક્ટર નીપુલભાઈ પટેલ, ચંદન વસાવા સહિત મોટી સંખ્યામાં માજી ડિરેક્ટરો અને સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. નવા નીવડેલા ડિરેક્ટરો અને કર્મચારીઓને ખેડૂતોના સહકારની અપીલ કરવામાં આવી હતી. સભામાં સ્પષ્ટ કહેવામાં આવ્યું કે, જો એક સભાસદ એક એકર શેરડીનું વાવેતર કરીને સંસ્થાને આપે તો આ સંસ્થાને પહેલા નંબર પર આવતાં કોઈ રોકી શકે નહીં.

### નંદેલાવમાં ગેસ સિલિન્ડરમાં આગ



ભરૂચ: ભરૂચ શહેરના નંદેલાવ વિસ્તારમાં રોડ સાઈડ પર રાખેલા ગેસ કટર સિલિન્ડરમાં અચાનક આગ લાગી હતી. આગની જ્વાળાઓ ઊઠતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી અને સ્થાનિક લોકોનું ટોળું ઘટનાસ્થળે એકઠું થઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ઝડપી કાર્યવાહી કરીને આગને કાબૂમાં લીધી હતી. જેથી મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### કીમમાં શાંતિ સમિતિની બેઠકમાં ટ્રાફિક સમસ્યાનો મુદ્દો ગાજ્યો

કીમ: બકરી ઈદ પર્વને શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ માહોલમાં ઉજવવા માટે કીમ પોલીસ મથક ખાતે ડીવાયએસપી બી.કે.વનારની આગેવાનીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બંને સમાજના આગેવાનોને સંયમ રાખી શાંતિપૂર્ણ રીતે તહેવાર ઉજવવા તેમજ કોઈપણ પ્રકારની અફવા કે ગેરસમજથી દૂર રહેવાની અપીલ કરી હતી. બેઠકમાં કીમ ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ, કુડસદ ગામના સરપંચ, કન્યાસી ગામના સરપંચ તેમજ કઠોદરા અને કિમામલી ગામોના સરપંચો સહિત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો સહિત બંને સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન કીમ ગામના આગેવાનોએ કીમ ઓવરબ્રિજ નીચે સર્જાતી ટ્રાફિક અવ્યવસ્થાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. આગેવાનોએ રજૂઆત કરી હતી કે ઓવરબ્રિજ નીચે અનિયમિત રીતે વાહનોની અવરજવર અને પાર્કિંગને કારણે વારંવાર ટ્રાફિકજામ સર્જાય છે, તો જાગૃત નાગરિકોએ રજૂઆત કરી હતી કે કીમ ગામમાં કેટલાક યુવાનો બુલેટ મોટરસાઇકલના સાયલેન્સર કાઢી ધમાકેદાર અવાજ સાથે આડેધડ વાહન ચલાવી રહ્યાની પણ રજૂઆત કરી હતી.

### કડોદરામાં પિતાના ઠપકાથી માઠું લાગતાં પુત્રીનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણા: કડોદરાના સરગમ કોમ્પ્લેક્સમાં આવેલા રોયલ પેલેસ (A વિંગ, રૂમ નં.૪૦૪) ખાતે રહેતી અનિતા રાકેશકુમાર ગૌતમને તેના પિતાએ કોઈ કારણસર ઠપકો આપ્યો હતો. પિતાની વાતોનું મનમાં માઠું લાગી આવતાં અનિતાએ ગત તા.૨૫/૫/૨૦૨૬ના રોજ રાત્રે ૧૧ વાગ્યાથી તા.૨૬/૫/૨૦૨૬ના સવારના ૭:૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના ઘરના બેડરૂમમાં પંખા સાથે સફેદ કલરના દુપટ્ટા વડે ફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું. આ પરિવાર મૂળ ઉત્તર પ્રદેશના રાયબરેલીના જાનકીપુર ગામનો વતની છે. આ ઘટના અંગે મૃતકના ૨૧ વર્ષીય ભાઈ અનુજકુમાર ગૌતમે પોલીસને જાણ કરી હતી.

### વાલિયા-નેત્રંગ નિવૃત્ત કર્મચારી મંડળની 41મી વાર્ષિક સભા યોજાઈ



ભરૂચ: વાલિયા અને નેત્રંગ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની 41મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં રંગ નવચેતન મહિલા કોલેજના સભાખંડમાં મંડળના પ્રમુખ દિલીપસિંહ બી.રણાના પ્રમુખ સ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆતમાં વર્ષ 2025 દરમિયાન અવસાન પામેલા 11 સભાસદોની આત્માની શાંતિ માટે મૌન પાળવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રંગ નવચેતન મહિલા કોલેજના મંત્રી ડો.વનરાજસિંહ મહીડાએ પેન્શનરોની કામગીરી સાંભળીને તેમની ટીમનાં વખાણ કર્યાં હતાં. રાજકોટના તિજોરી અધિકારી નરેન્દ્રભાઈ વિઠ્ઠલાણીએ પેન્શનરોના વિવિધ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી. જિલ્લા મંડળના મહામંત્રી રાજેન્દ્રસિંહ ગોહિલે ટૂંકું વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે સાત્વિક ભોજનની વ્યવસ્થા કરનાર રણજીતસિંહ ખેર, ભૂપતસિંહ રાણા, ગેમલસિંહ કોસાડા, અમરસિંહ બોરાદરા અને નેત્રંગ તાલુકાના પ્રમુખ શંકરભાઈ પટેલનું સન્માન કરાયું હતું. ધોરણ-10 અને ધોરણ-12 (સામાન્ય, આર્ટસ અને કોમર્સ)માં તેજસ્વી પરિણામ મેળવનાર 10 વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. મંડળમાં નિષ્કામ સેવા આપતા ઉપપ્રમુખ હરિસિંહ મહીડા, મંત્રી મોહનસિંહ ખેર, રણજીતસિંહ સુણવા, સહમંત્રી જયેન્દ્રસિંહ અટોદરીયા, નરેન્દ્રસિંહ બોડાણા તેમજ રામસિંહ રહેવર સહિત મંડળના તજજ્ઞોને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. ગત વાર્ષિક સાધારણ સભાનું પ્રોસિડિંગ તથા વર્ષ 2025ના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવતા સર્વસહમતીએ મંજૂર કરવામાં આવ્યા હતા.

### પાલોદમાં ગાંજાનો આરોપી ઝડપાયો

હથોડા: એસ.ઓ.જી.પોલીસે ૭૪૦ કિલો ગાંજાની હેરાફેરીના ગુનામાં બે વર્ષથી ફરાર આરોપી કાદર યુસુફ અબુજી (ઉં.વ.૫૬) (રહે.,હથોડા, માંગરોળ)ને ઝડપી પાડ્યો હતો. સને-૨૦૨૪માં ઓલપાડ પોલીસ મથકે એન.ડી.પી.એસ. એક્ટના ગુના બાદ ફરાર હતો. એસ.ઓ.જી.એ પાલોદ ગામ, કીમ ચાર રસ્તા નજીકથી તેને દબોચી લીધો હતો. પોલીસે આરોપીનો કબજો પાલોદ પોલીસ ચોકીને સોંપ્યો છે.

### અંકલેશ્વરમાં અકસ્માતમાં ગાયને ઇજા

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રા પાટિયા નજીકથી પસાર થઈ રહેલા અજાણ્યા વાહનચાલકે ગાયને અડફેટે લેતાં ગાયને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં ગૌ રક્ષકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત ગાયની સારવાર માટે કામગીરી હાથ ધરી હતી.

### અંકલેશ્વરની પરિણીતાને સાસરિયાનો ત્રાસ

અંકલેશ્વર: અંકલેશ્વરની ૨૨ વર્ષીય અદિતીબેન કલાલે મહારાષ્ટ્રના લોનખેડા ખાતે રહેતા પતિ ચેતન રાજેન્દ્રભાઈ કાનડે, સાસુ, સસરા અને જેઠ સામે ભરૂચ મહિલા પોલીસ સ્ટેશનમાં દહેજની ફરિયાદ નોંધાવી હતી. જુલાઈ-૨૦૨૪માં લગ્ન બાદ, પિતાએ ઓનલાઈન અને ચેક દ્વારા કુલ ૮,૪૧,૦૦૦ આપ્યા હોવા છતાં સાસરિયા દ્વારા દહેજની માંગ કરી ત્રાસ અપાતો હતો. સાસુએ સ્ત્રીધન અને દાગીના જપ્ત કરી લીધા હતા, જ્યારે સસરા અને જેઠ મેણાંટોણાં મારતાં હતાં. મુંબઈમાં નોકરીએ જતી વખતે પતિ તેને ઘરમાં બંધ કરી દેતો અને મારઝૂડ કરતો હતો. અંતે પતિએ તેને અંકલેશ્વર મૂકી દઈ સંબંધ રાખવાનો ઈન્કાર કર્યો હતો. ભરણપોષણથી બચવા સાસરિયાએ સરનામું પણ બદલી નાંખ્યું હતું. પીડિતાએ સ્ત્રીધન પરત મેળવવા કાર્યવાહીની માંગ કરી છે.

## ચલથાણમાં નવો બની રહેલો બ્રિજ સુરક્ષા તપાસમાં નાપાસ

**ફરીથી** તોડવામાં આવતાં પ્રજાના પૈસાનો વેડફાટ





પલસાણા: ચલથાણ ગામની સીમમાં કરોડો રૂપિયાના ખર્ચે હજુ તો નવો જ બની રહેલો ઓવરબ્રિજ કોઈક ખામીને કારણે ફરીથી તોડવામાં આવતાં પ્રજાના પૈસાનો વેડફાટ થયો હોવાનો આરોપ લાગ્યો છે. ગુણવત્તાના ધજાગરા ઉડાવતા આ બાંધકામને હવે જેસીબી અને પોકલેન મશીનો દ્વારા ફરીથી તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર હાઈવે ઓથોરિટી દ્વારા વાહનવ્યવહારની સુવિધા માટે આ નવા ફ્લાયઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવી રહ્યું હતું. જો કે, કામગીરી પૂર્ણ થાય તે પહેલાં જ ઉચ્ચ સ્તરેથી કરવામાં આવેલી સુરક્ષા અને ગુણવત્તાની તપાસમાં આ બ્રિજ ખરો ઊતરી શક્યો ન હતો. બ્રિજના પિલર અને કોંક્રિટ સ્ટ્રક્ચરમાં ગંભીર ખામીઓ હોવાનું બહાર આવતા પ્રશાસન દોડતું થયું હતું. વાહનચાલકોની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો ન થાય તે માટે આખરે આ આખા માળખાને તોડી પાડવાનો કડક આદેશ આપવામાં આવ્યો હતો. પહેલા મોટો ખર્ચ કરીને બ્રિજ ઊભો કરાયો અને હવે પોતાની જ ભૂલો છુપાવવા કે નવેસરથી કામ કરવા માટે તેને તોડવામાં આવી રહ્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો આક્ષેપ કરી રહ્યા છે કે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતને કારણે આ નોબત આવી છે. હાલમાં હાઈવે પર બ્રિજ તોડવાની કામગીરીને કારણે ટ્રાફિક વ્યવસ્થા પર પણ અસર પડી રહી છે.

## કસકમાં વીજ ધાંધિયાથી સ્થાનિકોનો હલ્લાબોલ

ભરૂચ: ભરૂચ શહેરના કસક વિસ્તારમાં છેલ્લાં એક મહિનાથી વીજ પુરવઠો અસ્થિર બન્યો છે. દિવસ દરમિયાન 15થી 20 વખત વીજળી ગુલ થતાં સ્થાનિકોનો સંયમ તૂટ્યો છે. આજે રોષે ભરાયેલા નાગરિકોએ મકતમપુર સ્થિત દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)ની કચેરી સામે હલ્લાબોલ કર્યો અને અધિકારીઓને માંગણીપત્ર સોંપ્યો હતો. સ્થાનિકોની ફરિયાદ છે કે, વીજળી વારંવાર જતાં રહેવા ઉપરાંત લો-વોલ્ટેજ અને હાઈ-વોલ્ટેજની સમસ્યા પણ સતત રહે છે. જેના કારણે એસી, રેફ્રિજરેટર, ટીવી જેવા ઘરગથ્થુ ઉપકરણોને જોખમ ઊભું થયું છે.

## ભરૂચમાં બેંક ઓફ બરોડાની શાખામાં સ્લેબ તૂટી પડ્યો



ભરૂચ: ભરૂચ શહેરના વાગરા વિસ્તારમાં આવેલા ઝમઝમ કોમ્પ્લેક્સ સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં બપોરે અચાનક મોટો સ્લેબ તૂટી પડતાં હોબાળો મચી ગયો હતો. આ ઘટના બપોરે આશરે 2 વાગ્યાની આસપાસ બેંક મેનેજરની કેબિનમાં બની હતી. છતમાંથી સિમેન્ટ અને સ્લેબનો મોટો હિસ્સો અચાનક તૂટી પડતાં ધડાકાનો ભારે અવાજ થયો હતો.